# ઘૂંટણ બદલીની સુરક્ષિત શસ્ત્રક્રિયા

**નમસ્કાર**, મારું નામ ચારુલ એચ. દોશી છે. મારી વય ૫૦ વર્ષ છે. હું રાજકોટ, ગુજરાત ખાતે નિવાસ કરું છું. હાલમાં જ મેં હિરાનંદાની હોસ્પિટલ, પવઈ, મુંબઈ ખાતે ડૉ. સંજીવ જૈન દ્વારા સંપૂર્ણ ની-જોઈન્ટ (ઘૂંટણ) બદલીની શસ્ત્રક્રિયા કરાવી. જેમ આપને જણાવ્યું, મારી વય ૫૦ વર્ષ છે અને આ વયે ઘૂંટણ બદલી? ખેર, આ બધું લગભગ ૬-૭ વર્ષ અગાઉ પ્રારંભ થયું.



મને ડાબા ઘૂંટણમાં દુ:ખાવો શરૂ થયો. મેં ઓર્થોપેડિક ડૉક્ટરની સલાહ લીધી અને તેમણે મને દવા આપી તથા ફિઝિયોથેરપી કરાવી. થોડો સમય તો હું ઠીક થઈ ગઈ, પરંતુ ફરીથી કંઈક સમસ્યા ઉપસ્થિત થઈ. તે સમયગાળામાં મેં ૩-૪ ડૉક્ટરોની સલાહ લીધી. પ્રત્યેકે મને ઘૂંટણ બદલીની સલાહ આપી પણ તેના માટે મારી વય અત્યંત નાની હતી.

પણ હવે મુખ્ય સમસ્યા શરૂ થઈ. મેં તેવી પાર્ટીઓમાં જવાનું ટાળી દીધું, જ્યાં મારે લાંબો સમય ઊભા રહેવું પડતું. મેં મૉલ તથા સિનેમા કોમ્પ્લેક્ષમાં જવાનું બંધ કર્યું, જ્યાં મારે ખૂબ ચાલવું પડતું. મેં લગ્ન સમારંભોમાં પણ જવાનું બંધ કર્યું અને તેથી મારા પતિ પણ નારાજ રહેવા લાગ્યા. દરેક જાણે છે કે આવા સમારંભોમાં કેટલું ચાલવું પડે છે. યુવા વયના મારા બાળકો પણ મારાથી નારાજ રહેવા લાગ્યા કારણ કે હું તેમની સાથે શૉપિંગ માટે નહોતી જઈ શકતી. હું હતાશ રહેવા લાગી અને મારી સામાજિક જિમ્મેદારીઓ નિભાવવા અસમર્થ રહેવા બદલ મને પોતાને દોષિત સમજવા લાગી. મારા માટે હવે દર્દશામક ગોળીઓ પણ લેવાનું આવશ્યક બની ગયું.

બે વર્ષ સુધી મેં ઘણી પીડા ભોગવી. તેવા વખતે મેં શસ્ત્રક્રિયા બાબત ગંભીરપણે વિચારવાનું શરૂ કર્યું. મારા પતિએ મને ખૂબ જ ટેકો આપ્યો. તેઓ હંમેશાં કહેતા કે શસ્ત્રક્રિયામાં વિલંબ કરીને હું ભાવિ માટે મારા વર્તમાનનો ભોગ આપી રહી છું. તેમના ટેકાના કારણે મેં તેવા ડૉક્ટરની તલાશ આરંભી જે સંતોષજનક રીતે મારી સારવાર કરી શકે. મેં ઘણા ડૉક્ટરો તથા હોસ્પિટલોની મુલાકાત લીધી પણ મને કોઈ પણ ઠેકાણે ધરપત ન થઈ. તેવા સમયે હું તેવી વ્યક્તિના સંપર્કમાં આવી જે ડૉ. સંજીવ જૈન દ્વારા એલ. એચ. હિરાનંદાની હોસ્પિટલ ખાતે ની રીપ્લેસમેન્ટ ઓપરેશન કરાવનાર મારા સંબંધીનો સંબંધી હતો.

મારા પતિ અને હું મુંબઈ આવીને તેમને મળ્યા. અગાઉ ક્યારેય હું એલ. એચ. હિરાનંદાની હોસ્પિટલ નહોતી ગઈ. મારા માટે આ એક સુખદ અનુભવ હતો. હોસ્પિટલ, સ્ટાફ અને વાતાવરણ, બધું જ બરાબર હતું.

પછી મારી મુલાકાત ડૉ. સંજીવ જૈન સાથે થઈ. ડૉ. સંજીવ જૈન સાથેની મુલાકાત એક અત્યંત સકારાત્મક અનુભવ હતો અને તેનાથી મને શસ્ત્રક્રિયા કરાવવાની હિંમત મળી.

હું હોસ્પિટલમાં દાખલ થઈ. શસ્ત્રક્રિયામાં ડૉ. જૈનને સહાય કરનારો સંપૂર્ણ સ્ટાફ એટલે કે નર્સો, જૂનિયર ડૉક્ટરો, એનેસ્થેટીસ્ટ, ઈ. એક પછી એક મને મળ્યા અને શસ્ત્રક્રિયા બાબત મને ખૂબ ધરપત આપી. ડાયેટીશીયન, કેરટેકર્સ, નર્સો અને ફિઝિયોથેરપીસ્ટ, તમામ ખૂબ જ સહાયરૂપ હતા.

ટૂંકમાં કહું તો મારી શસ્ત્રક્રિયા બાબત ડૉ. સંજીવ જૈન વિશે નિર્ણય કરીને હું ખૂબ ખુશ છું અને નાની ઉંમરમાં જેઓ ઘૂંટણના દુ:ખાવાથી પીડાય છે તેવા દરેક દરદીઓને મારો સંદેશો છે કે દુ:ખથી પીડાવા કરતાં સર્જરી કરાવવી વધુ હિતાવહ રહેશે.

મારા ઘૂંટણની બદલીની શસ્ત્રક્રિયાને ૨ વર્ષથી વધુનો સમય થઈ ગયો છે. હવે હું ૫૦ની થઈ ગઈ છું. હું એ પણ ભૂલી ગઈ છું કે મારું ઓપરેશન થયું છે. મારો ડર પણ જતો રહ્યો છે. હું જીવનનો ભરપૂર આનંદ માણી રહી છું. રજાઓમાં તથા જાત્રા માટે મેં ઘણા દેશોનો પ્રવાસ કર્યો છે. ડાન્સ પણ કર્યા છે અને ખૂબ જ આનંદ માણ્યો છે. આ બધું ઓપરેશન ના કરાવ્યું હોત તો શક્ય ના બનત.

ડૉ. સંજીવ જૈનનો ખૂબ ખૂબ આભાર.

મને દર્દમુક્ત જીવન આપવા બદલ ડૉ. સંજીવ જૈનને મારા વિશેષ ધન્યવાદ.



ડૉ. સંજીવ જૈને ૨૦૦૪માં યુનાઈટેડ કિંગડમમાં M.Ch (ઓર્થો)ની પદવી મેળવી હતી. તેમને ની રીકન્સ્ટ્રક્શન એન્ડ સ્પોર્ટ્સ મેડિસીનમાં ફેલોશીપ અને એડલ્ટ રીકંસ્ટ્રક્શન જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરીમાં ફેલોશીપ યુએસએમાંથી મળી હતી.

તેમણે જર્મનીમાં કેથેરીન હોસ્પિટલ સ્ટટગાર્ટ અને બી જી ટ્રોમા સેન્ટર ટુબીન્જેનમાંથી ટ્રોમા અને રીકંસ્ટ્રક્શનમાં તેમની એ ઓ ઈન્ટરનેશનલ ફેલોશીપ પૂર્ણ કરી હતી. તેમણે યુએસએમાં વિવિધ અન્ય કેન્દ્રો જેવા કે ઈન્સોલ સ્કોટ કેલી ઈન્સ્ટિટ્યૂટ, બેથ ઈઝરાયેલ મેડિકલ સેન્ટર ન્યૂ યોર્ક; હાર્વર્ડ મેડિકલ સ્કૂલ અને બ્રિઘમ અને વૂમેન્સ હોસ્પિટલ, બોસ્ટન; રાણાવત ઓર્થોપેડિક રીસર્ચ ફાઉન્ડેશન, લેનોક્ષ હિલ હોસ્પિટલ, ન્યૂ યોર્ક ખાતે તાલીમ આપી છે અને ન્યૂ યોર્ક ખાતે ટ્રાન્સપ્લાન્ટેશન કોર્સની તાલીમ આપી છે. તેમણે ૫૦૦૦થી વધુ શસ્ત્રક્રિયા કરી છે અને હાલમાં હિરાનંદાની હોસ્પિટલ ખાતે પૂર્ણ સમય માટે કાર્યરત છે.


**વધુ માહિતી માટે કૃપયા સંપર્કઃ ૯૮૧૯૦૭૬૬૨૩.**

**વૅબસાઈટઃ http://www.kneehipreplacementindia.com**

**Email: drsanjain@hotmail.com**